## (1) ARIIA 2020 વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) તેનું પૂરુંનામ અટલ રેંકીંગ ઓફ ઈન્સ્ટીટયુશન્સ ઓન ઈનોવેશન અચીવમેન્ટ છે.
(2) આ રેંકીંગ નીતિ આયોગ દ્વારા લોંચ કરવામાં આવ્યા હતા.
(3) ARIIAનું અમલીકરણ UGC દ્વારા કરવામાં આવ્યું હતું.
(4) ઈન્સ્ટિટયુટ ઓફ નેશનલ ઈમ્પોર્ટન્સના વર્ગમાં IIT-ખડગપુર પ્રથમ ક્રમે આવી છે.

(A) માત્ર (1) અને (4)
(B) માત્ર (1), (2) અને (3)
(C) માત્ર (2) અને (3)
(D) માત્ર (1)

⇛ જવાબ :- D

**સમજૂતી :**

⇛ 18 ઓગસ્ટના રોજ અટલ રેંકીંગ ઓફ ઈન્સ્ટીટયુશન્સ ઓન ઈનોવેશન અચીવમેન્ટ (ARIIA), 2020 જાહેર કરવામાં આવ્યા હતાં. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ આ રેંકીંગની જાહેરાત ભારતના ઉપરાષ્ટ્રપતિ દ્વારા કરવામાં આવી હતી.

⇛ ARIIA, 2020 કાર્યક્રમ શિક્ષા મંત્રાલય દ્વારા લોંચ કરવામાં આવ્યો હતો. (આથી, વિધાન (2) ખોટું છે.)

⇛ આ કાર્યક્રમનું અમલીકરણ AICTE (ઓલ ઈન્ડિયા કાઉન્સીલ ફોર ટેક્નીકલ એજ્યુકેશન) દ્વારા કરવામાં આવે છે. (આથી, વિધાન (3) ખોટું છે.)

⇛ આ કાર્યક્રમ હેઠળ વિવિધ વર્ગમાં શૈક્ષણિક સંસ્થાઓને ક્રમાંક આપવામાં આવે છે. આ વિવિધ વર્ગોમાં સેન્ટ્રલી ફંડેડ ઈન્સ્ટીટયુટ, સ્ટેટ ફંડેડ યુનિવર્સિટી, પ્રાઈવેટ ઈન્સ્ટીટયુટ વગેરેનો સમાવેશ થાય છે.

⇛ ઈન્સ્ટીટયુટ ઓફ નેશનલ ઈમ્પોર્ટન્સના વર્ગમાં IIT-મદ્રાસ પ્રથમ ક્રમે આવી છે. (આથી, વિધાન (4) ખોટું છે.)

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

**(2) જૈવ-ઈથેનોલના પેટ્રોલમાં બ્લેન્ડીંગ વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?**

(1) સરકારે 2022 સુધીમાં પેટ્રોલમાં 20% ઈથેનોલ બ્લેન્ડ કરવાનું લક્ષ્ય રાખેલું છે.
(2) વર્તમાન સમયે પેટ્રોલમાં 5% ઈથેનોલ બ્લેન્ડીંગ જોવા મળે છે.
(3) બ્લેન્ડીંગ દ્વારા પ્રદૂષકોનું ઉત્સર્જન ઘટે છે.
(4) 5% ઈથેનોલ બ્લેન્ડીંગ દ્વારા આશરે 1.8 મિલિયન બેરલ ક્રુડ ઓઈલનું અવેજીકરણ કરી શકાય છે.

(A) માત્ર (1), (2) અને (3)
(B) માત્ર (2), (3) અને (4)
(C) માત્ર (1) અને (4)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- B**

**સમજૂતી :**

⇛ તાજેતરમાં, કેન્દ્રએ વર્ષ 2020-21 માટે 362 કરોડ લીટર ઈથેનોલનું લક્ષ્ય સુગર મિલ્સ માટે નિર્ધારીત કર્યું છે.

⇛ ઈથેનોલ બ્લેન્ડેડ પ્રોગ્રામ (EBP) હેઠળ સરકારે 2020 સુધીમાં પેટ્રોલમાં 10% ઈથેનોલ બ્લેન્ડ કરવાનું તથા 2030 સુધીમાં 20% બ્લેન્ડીંગનું લક્ષ્ય રાખેલું છે. (આથી, વિધાન (1) ખોટું છે.)

⇛ ઈથેનોલ બ્લેન્ડીંગ દ્વારા વાહનોના ઉત્સર્જનમાં ઘટાડો થાય છે તથા ક્રુડ તેલના આયાતનો બોજ ઓછો થાય છે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ વર્તમાન સમયે પેટ્રોલમાં ઈથેનોલ બ્લેન્ડીંગનું પ્રમાણ 5% છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ 5% ઈથેનોલ બ્લેન્ડીંગ દ્વારા 1.8 મિલિયન બેરલ ક્રુડ તેલનું અવેજીકરણ થઈ શકે છે. (આથી, વિધાન (4) સાચું છે.)

⇛ ઈથેનોલમાં રહેલા ઘટકો પુનઃપ્રાપ્ય છે તથા તે ખાંડ ઉદ્યોગમાં આડપેદાશ તરીકે મળે છે. આ પુનઃપ્રાપ્ય ઘટક દ્વારા કાર્બન ડાયોકસાઈડ, કાર્બન મોનોકસાઈડ તથા હાઈડ્રોકાર્બનના ઉત્સર્જનમાં ઘટાડો થાય છે.

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (3) પંડિત જશરાજ વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો.

(1) તેઓ ખયાલને ભકિત રસના તત્ત્વો સાથે મિશ્ર કરવા માટે જાણીતા છે.

(2) તેઓ કાનપુર ઘરાના સાથે સંકળાયેલા હતા.

(3) તેમણે હવેલી સંગીતમાં પણ પોતાનું પ્રદર્શન કરેલું છે.

(4) તેમણે જુગલબંદીના એક નવા સ્વરૂપની રચના કરી હતી જેને 'જશરંગી' કહે છે.

(A) માત્ર (1), (2) અને (3)  (B) માત્ર (2) અને (4)

(C) માત્ર (1), (3) અને (4)  (D) આપેલ તમામ

⇛ **જવાબ :- C**

**સમજૂતી :**

⇛ તાજેતરમાં ભારતના શાસ્ત્રીય ગાયક પંડિત જશરાજનું અવસાન થયું છે. તેમણે શાસ્ત્રીય ગાયન ક્ષેત્રે વિશ્વ પ્રસિદ્ધી મેળવેલી છે.

⇛ તેઓ સંગીતના મેવાતી ઘરાના સાથે સંકળાયેલા હતાં. (આથી, વિધાન **(2)** ખોટું છે.)

⇛ તેઓ ખયાલને ભકિત રસના તત્ત્વો સાથે અજોડ રીતે મિશ્ર કરવા માટે પ્રસિદ્ધ થયા હતાં. ખયાલએ સંગીતનું સ્વરૂપ છે. (આથી, વિધાન **(1)** સાચું છે.)

⇛ તેઓએ અર્ધ–શાસ્ત્રીય તથા કેટલાંક સંગીતના જૂના સ્વરૂપો ક્ષેત્રે પણ પ્રદર્શન કરેલું છે. દા.ત. હવેલી સંગીત. (આથી, વિધાન **(3)** સાચું છે.)

⇛ તેઓએ જુગલબંદીનું એક અનોખું સ્વરૂપ વિકસાવ્યું હતું, જેને જશરંગી તરીકે ઓળખવામાં આવ્યું. આ સ્વરૂપમાં એક સ્ત્રી અને એક પુરુષ વિવિધ રાગનું ગાયન કરે છે અને પોતાની કલાનું પ્રદર્શન કરે છે. (આથી, વિધાન **(4)** સાચું છે.)

⇛ તેમને પદ્મ વિભૂષણ તથા સંગીત નાટક અકાદમી એવોર્ડ મળેલાં છે.

⇛ તાજેતરમાં ઈન્ટરનેશનલ એસ્ટ્રોનોમીકલ યુનિયને **(IAU)** એક એસ્ટેરોઈડનું નામ તેમના નામ પરથી રાખેલું છે. આવું માન મેળવનાર તે પ્રથમ ભારતીય સંગીતકાર છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE | icerajkot

**(4) લીંગરાજ મંદિર વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો.**

(1) આ મંદિર થંજાવુરમાં આવેલું છે.

(2) આ મંદિરનું નિર્માણ ચૌલ રાજવંશ દ્વારા કરવામાં આવ્યું હતું.

(3) મંદિરમાં શૈવ તથા વૈષ્ણવ સંપ્રદાયનો સંગમ જોવા મળે છે.

(4) મંદિરનું નિર્માણ ગરુડ શૈલીમાં થયેલું છે.

(A) માત્ર (1), (2) અને (3)   (B) માત્ર (3)

(C) માત્ર (2) અને (4)   (D) માત્ર (3) અને (4)

⇛ **જવાબ :- B**

**સમજૂતી :**

⇛ તાજેતરમાં ઓડીશા રાજ્ય સરકારે 11મી સદીના લીંગરાજ મંદિરનું સમારકામ/રંગ–રોપાન કરવાનો આદેશ આપ્યો છે.

⇛ આ મંદિર ઓડીશાના ભુવનેશ્વરમાં આવેલું છે. તે ભુવનેશ્વરનું સૌથી મોટું મંદિર છે. (આથી, વિધાન (1) ખોટું છે.)

⇛ મંદિરનું નિર્માણ સોમવંશના રાજા જજાતી કેસરી દ્વારા થયું હોવાનું માનવામાં આવે છે. (આથી, વિધાન (2) ખોટું છે.)

⇛ આ મંદિર ભગવાન શિવને સમર્પીત છે.

⇛ મંદિરમાં સ્વયંભુ લીંગ આવેલું છે, જેની પૂજા શિવ તથા વિષ્ણુ એમ બન્ને તરીકે થાય છે. આથી, આ મંદિર શૈવ અને વૈષ્ણવ સંપ્રદાયોનું સંગમબિંદુ છે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ મંદિરનું નિર્માણ કલીંગ શૈલીમાં થયેલું છે. (આથી, વિધાન (4) ખોટું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## (5) NOTTO સંસ્થા વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો.

(1) તેનું પૂરુંનામ National Organ and Tissue Transplant Organisation છે.

(2) તે ટ્રાન્સપ્લાન્ટેશન ઓફ હ્યુમન ઓર્ગન્સ (અમેન્ડમેન્ટ) એક્ટ, 2011 હેઠળ કાર્ય કરે છે.

(3) તે સમાજ કલ્યાણ મંત્રાલય હેઠળની સંસ્થા છે.

(4) તે ઈસરો સાથે મળીને અંગ દાન કરનાર લોકોની એક નેશનલ રજિસ્ટ્રી બનાવી રહી છે.

(A) માત્ર (1) અને (2) (B) માત્ર (3) અને (4)

(C) માત્ર (1), (3) અને (4) (D) માત્ર (2) અને (3)

⇛ **જવાબ :- A**

**સમજૂતી :**

⇛ તાજેતરમાં ગ્રીન કોરીડોરની મદદથી પૂણેમાંથી એક હૃદયને ચેન્નઈ સુધી લઈ જવામાં આવ્યું હતું. ગ્રીન કોરીડોર એક સ્પેશિયલ રોડ હોય છે જેને એમ્બ્યુલન્સની અડચણવિહીન અવન–જવન માટે રચવામાં આવ્યો હોય છે.

⇛ ભારતમાં 'NOTTO' નામની સંસ્થા અંગદાન માટે જરૂરી નેટવર્ક (દાતાથી મેળવનાર સુધીની વિતરણ પ્રણાલી)ની સ્થાપના તથા તેના સંચાલનમાં સહકાર આપે છે. આ કાર્ય તે ટ્રાન્સપ્લાન્ટેશન ઓફ હ્યુમન ઓર્ગન્સ (અમેન્ડમેન્ટ) એક્ટ, 2011 હેઠળ કરે છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ NOTTOનું પૂરુંનામ National Organ and Tissue Transplant Organisation છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ તે આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયના ડિરેક્ટોરેટ જનરલ ઓફ હેલ્થ સર્વિસ હેઠળની સંસ્થા છે. (આથી, વિધાન (3) ખોટું છે.)

⇛ તે NIC (National Informatics Centre) સાથે મળીને અંગ દાન કરનારા લોકોની એક નેશનલ રજિસ્ટ્રી બનાવી રહી છે. (આથી, વિધાન (4) ખોટું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ**
**તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે**
**નીચે આપેલા અમારા**
Social Media Icon **પર** Click **કરો.**

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT